Date: August 10, 2026

To,
BSE Limited
Department of Corporate Services – CRD,
PJ Towers, Dalal Street, Mumbai 400 001,
Maharashtra, India

Scrip Code: 530077
Scrip ID: PURETROP

SUB: NEWSPAPER ADVERTISEMENT FOR PUBLICATION OF UNAUDITED FINANCIAL RESULTS FOR QUARTER ENDED 30th JUNE 2026.

Dear Sir / Madam,

The Board of Directors at its Meeting held on Friday, August 07, 2026, has, inter alia, approved the unaudited Financial Results of the Company for the quarter ended 30th June 2026.

Pursuant to the provisions of Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, please find enclosed herewith Copy of Newspaper clippings of the unaudited Financial Results published on August 08 2026 in following newspapers:

1. Business Standard, English Language
2. Jai Hind, Gujarati Language

The above information will also be made available on the website of the Company www.puretrop.com in Investor section.

This is for your information and records.

Thanking You,

Yours faithfully,

FOR, PURETROP FRUITS LIMITED
(FORMERLY KNOWN AS FRESHTROP FRUITS LIMITED)

VANSHIKA LUNIA
Digitally signed by VANSHIKA LUNIA
Date: 2026.08.10 11:31:41 +05'30'

VANSHIKA LUNIA
(COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER)
M.No: A73889
Encl: As above.

થાઈલેન્ડમાં સનકી વિદ્યાર્થીનો કોપ : દાદા-દાદી સહિત ૮ લોકોની ગોળી મારીને હત્યા

બેંગકોક, તા. ૭

થાઈલેન્ડમાં ધોરણ ૯ના એક સનકી વિદ્યાર્થીએ લોહિયાળ ખેલ ખેલતાં દાદા-દાદી અને શાળાનાં શિક્ષકો-વિદ્યાર્થીઓ સહિત કુલ ૮ લોકોની હત્યા કરી દીધી છે.

હુમલાવર છાત્રએ સૌપ્રથમ પોતાનાં ઘરે દાદાની 9mm

બેંગકોક નજીકનાં નોન્થાબુરીની જાણીતી શાળામાં અંધાધૂંધ ગોળીબાર : શિક્ષકો અને વિદ્યાર્થીઓ પણ બન્યાં શિકાર : શિક્ષણ મંત્રીએ આપ્યાં તપાસનાં આદેશ

હેન્ડગનથી પોતાના દાદા-દાદીને ગોળી મારી દીધી હતી. દાદા પોતે પણ ભૂતકાળમાં શિક્ષક રહી ચૂક્યાં હતાં. આ ઘટના બાદ તે દેશની રાજધાની બેંગકોકની ઉત્તરે આવેલાં નોન્થાબુરી પ્રાંતનાં બાંગ કુઆઈ વિસ્તારમાં સ્થિત પોતાની શાળા 'ડેબસિરિન નોન્થાબુરી સ્કૂલ' પહોંચ્યો હતો અને ત્યાં પહોંચતાં જ તાબડતોડ ગોળીબાર શરૂ કરી દીધો હતો.

થાઈલેન્ડમાં બેંગકોક પાસે નોર્થાબુરી પ્રોવિન્સમાં એક સ્કૂલમાં એક વિદ્યાર્થીએ કરેલા ગોળીબાર શિક્ષક અને વિદ્યાર્થીઓ સહિત સાત લોકોના મોત થયા હતા અને ૧૫ ઘાયલ થયા હતા અંતે હુમલાખોર વિદ્યાર્થીએ પોતાને પણ ગોળી મારીને આત્મહત્યા કરી લીધી હતી. ગોળીબારમાં શિક્ષક અને સહાધ્યાયિઓના મોત થતા એક વિદ્યાર્થીની સ્કૂલની બહાર સાથી વિદ્યાર્થીઓ વચ્ચે રડી રહી છે.

શાળા પરિસરમાં ઘૂસીને આ વિદ્યાર્થીએ અંધાધૂંધ ફાયરિંગ કરીને ૩ શિક્ષકો અને ૩ વિદ્યાર્થીઓને મોતને ઘાટ ઉતારી દીધાં હતાં. આ ગોળીબારમાં અન્ય ૧૫ જેટલા વિદ્યાર્થીઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત પણ થયાં છે. હુમલાખોર વિદ્યાર્થીનાં અંત અંગે વિરોધાભાસી અહેવાલો સામે આવી રહ્યાં છે; કેટલાક અહેવાલો મુજબ તેણે ગોળીબાર કર્યા બાદ પોતે જ પોતાની જાતને ગોળી મારી દીધી હતી, જ્યારે અન્ય મીડિયા રિપોર્ટ્સ અનુસાર તેને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેને મૃત જાહેર કરાયો હતો.

આ ભયાનક ઘટના બાદ થાઈલેન્ડના શિક્ષણ મંત્રી પ્રસર્ટ ચંતારારુઆંગથોંગે ત્વરિત કાર્યવાહી અને મદદની ખાતરી આપી હતી. તેમણે સોશિયલ મીડિયા પર દુઃખ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, શિક્ષણ મંત્રાલયની તમામ એજન્સીઓને સુરક્ષા સુનિશ્ચિત કરવા અને પ્રભાવિત લોકોનાં શારીરિક તથા માનસિક સ્વાસ્થ્ય માટે મદદ પૂરી પાડવાના આદેશ આપવામાં આવ્યાં છે.

સાથોસાથ તેમણે દેશવાસીઓ અને મીડિયાને અપીલ કરી છે કે પીડિતો કે ઘટના સંબંધિત સંવેદનશીલ તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર શેર ન કરે.

ઉલ્લેખનીય છે કે થાઈલેન્ડમાં બંદૂકોનું પ્રમાણ ચિંતાજનક રીતે ખૂબ જ વધારે છે. એક અંદાજ અનુસાર, દેશમાં લગભગ ૧ કરોડ (૧૦ મિલિયન) જેટલી બંદૂકો લોકો પાસે છે, જેનો અર્થ એ થાય છે કે દર સાત નાગરિકોમાંથી એક વ્યક્તિ પાસે હથિયાર છે. દેશમાં બંદૂક સંબંધિત કાયદાઓને કડક બનાવવાની વારંવાર અપીલ અને વાદાઓ કરવા છતાં પણ આવી હિંસક ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી.

સાઉદી અરેબિયા, પાકિસ્તાન અને તુર્કી વચ્ચે આગામી થનારી સંભવિત રક્ષા કરારને લઈને સાઉદી અરેબિયાની મુલાકાતે આવેલા તુર્કીના રાષ્ટ્રપતિ તટિયય એર્ડોગન મક્કામાં સાઉદીના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે બેઠક કરી ચર્ચા કરી રહ્યા છે.

પાકિસ્તાન, તુર્કી અને સાઉદી અરેબિયા વચ્ચે સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર

રિયાધ,તા.૭

પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તુર્કીએ શુક્રવારે 'મક્કા સંયુક્ત સંરક્ષણ કરાર' પર હસ્તાક્ષર કર્યા હતા. તેનો હેતુ કોઈપણ પ્રકારના હુમલા સામે સામૂહિક સુરક્ષાને મજબૂત કરવાનો છે. મંત્રાલયના નિવેદન અનુસાર, કરારમાં કહેવામાં આવ્યું છે કે ત્રણેયમાંથી કોઈ પણ દેશ પર કોઈ પણ સશસ્ત્ર હુમલાને તે બધા પર હુમલો

ભારત અને ઈઝરાયલ માટે મોટો ઝટકો માનવામાં આવે છે

માનવામાં આવશે.

પાકિસ્તાન અને સાઉદી અરેબિયા વચ્ચે પહેલાથી જ આ પ્રકારનો કરાર થઈ ચૂક્યો છે. આ કરારને ભારત અને ઈઝરાયલ માટે મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે. પાકિસ્તાનની ભારત સાથે જૂની દુશ્મનાવટ છે. તે જ સમયે, આ ત્રણેય દેશો ઈઝરાયલના સામાન્ય દુશ્મન છે.

વડાપ્રધાન શાહબાઝ શરીફ, સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અને તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગને આ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. પાકિસ્તાને આ ત્રિપક્ષીય સંરક્ષણ કરારને સામૂહિક સુરક્ષા અને ક્ષેત્રની શાંતિ અને સ્થિરતા સાથે જોડ્યો છે. જ્યારે આખી દુનિયા જાણે છે કે આ ત્રણેય દેશો ઈસ્લામિક દેશોમાં આતંકવાદના સૌથી મોટા સમર્થક છે અથવા રહ્યા છે. સાઉદી અરેબિયા વહાબી વિચારધારાનો સૌથી મોટો આશ્રયદાતા છે, જેણે ૯૦ ના દાયકામાં સમગ્ર વિશ્વમાં આતંકવાદને નાણાં પૂરા પાડ્યા હતા. પાકિસ્તાન આતંકવાદનો જન્મ આપનાર અને આશ્રયદાતા છે. તે જ સમયે, તુર્કી કટ્ટરપંથી ઈસ્લામની નવી ફેક્ટરી બની રહ્યું છે.

પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તુર્કી વચ્ચેના સંરક્ષણ કરારથી ભારત અને ઈઝરાયલ વચ્ચે તણાવ વધશે તેવી શક્યતા છે. જો કે, ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કર્યો તેના એક દિવસ પહેલા એવી અપેક્ષા રાખવામાં આવી રહી છે કે ભારત અને ઈઝરાયલને આ સોદા વિશે અગાઉથી જાણ થઈ હતી. તેમ છતાં ભારત અને ઈઝરાયલે આ ત્રણેય દેશોની ત્રિપુટીને ધ્યાનમાં રાખીને સતર્ક રહેવાની જરુર રહેશે. ભારતની પાકિસ્તાન સાથે લાંબા સમયથી દુશ્મનાવટ છે અને બંને દેશો વચ્ચે અનેક યુદ્ધો થયા છે. તે જ સમયે, ગાઝા અને લેબેનોન યુદ્ધને લઈને તુર્કી અને ઈઝરાયલ વચ્ચે ભારે તણાવ છે. સાઉદી અરેબિયા પણ ઈઝરાયલને માન્યતા આપતું નથી અને તેને તેનો દુશ્મન માને છે.



યુરોપામાં જર્મની, ફ્રાન્સ, બ્રિટન, રોમાનિયા સહિતના દેશોમાં પડી રહેલી રેકોર્ડ બ્રેક ગરમીમાં રોમાનિયામાં ભીષણ ગરમીના મોજાની કરાયેલી આગાહી વચ્ચે રાજધાની બુખારેસ્ટમાં શહેરના વહીવટી ભંગ દ્વારા મુકેલા ફુવારા વચ્ચેની એક મહિલા ગરમીમાંથી રાહત મેળવવા પસાર થઈ રહી છે.

ભારતીય મૂળના આભા નાયર પટેલે રચ્યો ઈતિહાસ

આભા નાયર પટેલ ઝામ્બિયાની સુપ્રીમ કોર્ટના પ્રથમ મહિલા ન્યાયાધીશ બન્યા

નવી દિલ્હી,તા.૭

ન્યાયાધીશ આભા નાયર પટેલે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી એલએલએમની ડિગ્રી મેળવી છે. પર્વતારોહી તરીકે તેઓએ માઉન્ટ કિલીમંજારો પર વિજય મેળવ્યો છે. દિલ્હીમાં જન્મેલા અને ઝામ્બિયામાં ઉછરેલા ન્યાયાધીશ આભા નાયર પટેલે ઈતિહાસ રચ્યો છે. તેઓ ઝામ્બિયાની સુપ્રીમ કોર્ટના પ્રથમ મહિલા ન્યાયાધીશ બન્યા છે. વધુમાં, તેમને ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતના ખાસ આમંત્રણ પર, ભારતના સુપ્રીમ કોર્ટના બેન્ચ પર બેઠેલા પ્રથમ ઝામ્બિયન ન્યાયાધીશ બનવાનો ગૌરવ પ્રાપ્ત થયો છે. ૧૯૭૩માં, જ્યારે આભા નાયર માત્ર સાત વર્ષના હતા ત્યારે તેના માતાપિતા આજીવિકાની તકોની શોધમાં

દિલ્હીથી ઝામ્બિયા ગયા હતા.

સુપ્રીમ કોર્ટ એડવોકેટ્સ-ઓન-રેકોર્ડ એસોસિએશન દ્વારા આયોજિત એક કાર્યક્રમને સંબોધતા, ન્યાયાધીશ આભા નાયર પટેલે જણાવ્યું હતું કે, ન્યાય વિતરણ વ્યવસ્થાના ત્રણ સૌથી મહત્વપૂર્ણ ઘટકો નવીનતા, પ્રામાણિકતા અને સમાવેશીતા છે. આ ત્રણેય એકબીજા સાથે ઊંડાણપૂર્વક જોડાયેલા છે. તેમણે ભાર મૂક્યો હતો કે ન્યાય વ્યવસ્થામાં કોઈપણ નવીનતાનું મૂલ્યાંકન એ હદ સુધી થવું જોઈએ કે તે સામાન્ય માણસ માટે ન્યાયની ન્યાય અને પહોંચમાં કેટલી હદ સુધી સુધારો કરે છે. ભારતની તેમની મુલાકાત દરમિયાન, તેમણે પોતાની ભાવનાત્મક લાગણી વ્યક્ત કરતા કહ્યું કે ભારત ક્યારેય તેમના હૃદયથી દૂર ન હોઈ શકે.

ભારત ક્યારેય હૃદયથી દૂર નહી થાયઃ આભા નાયર પટેલ

ઈરાન સરકાર તોડી પાડવાનો પ્લાન ફેલઃ મોસાદે બે ટોચનાં અધિકારીઓને પદ પરથી હટાવ્યા

નવી દિલ્હી, તા. ૭

ઈરાનની ઈસ્લામિક રિપબ્લિક સરકારને ઉથલાવી પાડવાનું ઈઝરાયલની ગુપ્તચર એજન્સી 'મોસાદ'નું એક મોટું આયોજન ફેલ થઈ ગયું છે.

આ નિષ્ફળતા બાદ મોસાદના ડાયરેક્ટર રોમન ગોફમેને એજન્સીના બે સૌથી વરિષ્ઠ અધિકારીઓને તેમનાં હોદ્દા પરથી હટાવી દીધાં છે. આ બંને અધિકારીઓ ઈરાન સરકારને તોડી પાડવાનું સિક્રેટ પ્લાનિંગ કરી રહ્યાં હતાં. જેમાંથી એક અધિકારી ડિસેમ્બરથી મોસાદના ઈન્ટેલિજન્સ ડાયરેક્ટોરેટના હેડ તરીકે કામ કરતાં હતાં, જ્યારે બીજા અધિકારી મોસાદના ઈરાન ડિવિઝનને લીડ કરી રહ્યાં હતાં.

આ સિક્રેટ પ્લાન અંતર્ગત ઈરાનના લઘુમતી સમુદાયો, ખાસ કરીને કુર્દ લોકોને સમર્થન આપીને દેશભરમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો

મોસાદના ડાયરેક્ટર રોમન ગોફમેને ઈરાન ડીવિઝન અને ઈન્ટેલિજન્સ ડાયરેક્ટોરેટના વડાઓ સામે કાર્યવાહી કરી; રિપોર્ટમાં દાવો

ભડકાવવાનું પ્લાનિંગ હતું, જેથી વર્તમાન સરકાર નબળી પડી જાય. યોજના મુજબ ઈરાન-ઈરાક સરહદ નજીક ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના ઠેકાણાઓ પર હુમલો કરીને કુર્દ લોકોને ઈરાનમાં આગળ ધપાવવાની અને આ આંદોલન તેહરાન સુધી પહોંચાડવાની ગણતરી હતી. અહેવાલો અનુસાર, આ પ્લાનમાં ઈરાનના પૂર્વ રાષ્ટ્રપતિ મહમૂદ અહમદીનેજાદને ફરી સત્તા પર લાવવાની પણ યોજના સામેલ હતી.

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ફેબ્રુઆરીમાં યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની મુલાકાતમાં ઈરાન સામે સૈન્ય કાર્યવાહી માટે રાજી કરતી વખતે આ પ્લાન નો ઉલ્લેખ કર્યો હતો.

તાજેતરનાં સંઘર્ષ દરમિયાન ઈઝરાયેલ અને અમેરિકાએ ઈરાનની મિસાઈલ સિસ્ટમ અને સેનાના ઠેકાણાઓ પર હુમલા પણ કર્યા હતા.

સાઉદી અરેબિયામાં હુથી વિદ્રાહીઓના હુમલામાં ૫૮ યમન સૈનિકોના મોત

રિયાધ,તા.૭

યમન અને સાઉદી અરેબિયામાં હુથી બળવાખોરોએ એક સાથે અનેક હુમલા કર્યા છે. યમનમાં, હુથીઓએ હદ્રામૌત અને મારીબ પ્રાંતોમાં લશ્કરી ઠેકાણાઓને બેલિસ્ટિક મિસાઈલો અને ડ્રોનથી નિશાન બનાવ્યા હતા. જેમાં ૫૮ સૈનિકો માર્યા ગયા અને ૧૧ ઘાયલ થયા હતા. આ દરમિયાન, સાઉદી અરેબિયામાં થયેલા હુમલામાં ૧૧ નાગરિકો ઘાયલ થયા હતા. આમાં સાત સાઉદી, એક યમનના, બે ઈજિપ્તીયન અને એક પાકિસ્તાનીનો સમાવેશ થાય છે.

આ હુમલો ભારતીય સમય મુજબ ગુરુવારે સાંજે ૪:૩૦ વાગ્યે થયો હતો. જેમાં હદ્રામૌતમાં અનેક સરકારી એકમો, હોમલેન્ડ શીલ્ડ ફોર્સ, ઈમરજન્સી ફોર્સ અને લશ્કરી છાવણીઓને નિશાન

બે ઈજિપ્તીયન, એક પાકિસ્તાની સહિત ૧૧ નાગરિકો ઘાયલ

બનાવવામાં આવી હતી. વર્ષ ૨૦૨૨ પછી યમન પર આ સૌથી ઘાતક હુમલો છે. સાઉદી અરેબિયાના નજરાન ક્ષેત્રમાં થયેલા હુમલામાં ૪ વર્ષના બાળક સહિત ૧૧ નાગરિકો ઘાયલ થયા હતા. હુમલાઓ બાદ નજરાનના અનેક ભાગોમાં આગ ફાટી નીકળી હતી. જ્વાળાઓ અને ધુમાડાના ગોટા માઈલો સુધી દેખાતા હતા.

હુથી બળવાખોરોના પ્રવક્તા યાહ્યા સારીએ જણાવ્યું હતું કે સાઉદી અરેબિયાના સમર્થનથી કથિત લશ્કરી તૈયારીઓના જવાબમાં બળવાખોરોએ બેલિસ્ટિક મિસાઈલો અને ડ્રોનથી સરકારી લક્ષ્યો પર હુમલો કર્યો હતો. દરમિયાન, હુથીઓએ નજરાન એરપોર્ટ પરના હુમલાની જવાબદારી પણ સ્વીકારી છે. યમનના સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે આ હુમલાનો યોગ્ય સમયે અને સ્થળે જવાબ આપવામાં આવશે.

જો ઉપગ્રહો સાથે કાટમાળ ટકરાય તો ઈન્ટરનેટ સેવા ઠપ્પ થઈ જાય

અંતરિક્ષમાં છોડાયેલા ઉપગ્રહોનો ભંગાર બન્યા જોખમઃ લાઈવ સેટેલાઈટને બચાવવામાં લાગ્યા ધુરંધર

નવી દિલ્હી તા.૭

આજના આધુનિક સમયમાં માણસ પોતાની દરેક નાની-મોટી જરૂરિયાત માટે ઈન્ટરનેટ, ફોન અને હવામાનની જાણકારી પર નિર્ભર છે અને આ બધુ અંતરિક્ષમાં ફરી રહેલા સેટેલાઈટના કારણે શક્ય બની શકે છે. પરંતુ આસમાનની પાર જે ટેકનીકથી આપણી દુનિયા ચાલી રહી છે. ત્યાં માણસોએ જ કચરાનો ઢગલો લગાવ્યો છે. જેણે રસ્તભીજનું રૂપ ધારણ કરી લીધું છે. જેને સિમ્પલ ભાષામાં અંતરિક્ષનો કચરો કહેવામાં આવે છે. હવે આ કચરાના ઢગલાથી ભારત માટે જોખમ ઉભું થઈ ગયું છે. ખરેખર તો ધરતીની નિચલી કક્ષા એટલે કે લો અર્થ ઓરબીટમાં જેટલા ભારતના સેટેલાઈટ છે તેના પર સંકટ છવાયું છે.

પૃથ્વીની ઓરબિટમાં ૨૨માંથી ૨૦ ભારતીય ઉપગ્રહો સાથે કાટમાળ ટકરાવાનો ખતરો

૨૨ ભારતીય ઉપગ્રહોમાંથી ૨૦ના અંતરિક્ષના કાટમાળ સાથે ટકરાવાના ઘણા નજીક છે. ખુદ ભારત સરકાર તરફથી આ જાણકારી આપવામાં આવી છે.

સમગ્ર પૃથ્વીને ૫૦ સેમી. ના પડથી ઢાંકી શકાય એટલુ સોનુ ભૂગર્ભમાં પડ્યુ છે

વોશિંગ્ટન,તા.૭

વૈજ્ઞાનિકોનું માનવું છે કે પૃથ્વીની અંદર મોટી માત્રામાં સોનું છે. આ જથ્થો એટલી મોટી છે કે જો તે પૃથ્વીના દરેક ખંડને આવરી લે છે, તો પછી સોનાનું ૫૦ સેન્ટિમીટર જાડું સ્તર નાખવામાં આવશે. પરંતુ તેનો અર્થ એ નથી કે તે ખાણમાં છે જે સરળતાથી કાઢી શકાય છે. આ બધુ સોનું પૃથ્વીના ધાતુના કોરમાં હાજર છે. આ કોર પૃથ્વીની સપાટીથી લગભગ ૨૯૦૦ કિમી નીચે શરૂ થાય છે.

ધાતુ કોરથી સપાટી પર આવે છે. હવે વૈજ્ઞાનિકોએ એક અભ્યાસમાં શોધી કાઢ્યું છે કે આખરે મનુષ્યને આ સોનાની ઍક્સેસ મળી શકે છે. ગોટિન્જેન યુનિવર્સિટીના ભૂરસાયણશાસ્ત્રી નાઈલ્સ મેસ્લિંગની આગેવાની હેઠળની સંશોધકોની ટીમે હવાઈમાં સ્થિત જ્વાળામુખી ખડકોમાં રુથેનિયમ આઈસોટોપ્સના સંકેતને માપ્યું હતું. આ સંકેત જણાવે છે કે કોરમાંથી સામગ્રી આવરણમાં

પૃથ્વીની સપાટીથી લગભગ ૨૯૦૦ કિમી. નીચે ધાતુની કોરમાં સોનુ ધરબાયેલુ છે

જાય છે અને છેવટે સપાટી તરફ આવે છે.

જોકે, આ અભ્યાસમાં ટોચ પર સોનાનો પ્રવાહ જાહેર થયો નથી. રુથેનિયમ, જે એક કિંમતી ધાતુ છે, તે અભ્યાસમાં માપવામાં આવ્યું હતું. તેના આઈસોટોપ્સ બતાવે છે કે આ સામગ્રી ક્યાંથી આવી છે. જર્નલ નેચરમાં પ્રકાશિત થયેલા આ અભ્યાસમાં મેન્ટલ પ્લમ્સ સાથે સંકળાયેલા ખડકોમાં રુથેનિયમ અને ટંગસ્ટન આઈસોટોપમાં ખૂબ જ નાના ફેરફારોની તપાસ કરવામાં આવી હતી.

રુથેનિયમ ધાતુ તરફ આકર્ષાય છે અને ખૂબ જ ઝડપથી. વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, જ્યારે ગાઢ લોખંડ કોર બનાવવા માટે ડૂબી ગયું, ત્યારે પૃથ્વીના લગભગ તમામ પ્રારંભિક રુથેનિયમ પણ સાથે ગયા. આવરણમાં હાજર રુથેનિયમની થોડી માત્રા પછીના ઉલ્કાપિંડોને કારણે હોવાનું માનવામાં આવે છે.